વિષય:- ગુજરાતી ધોરણ:-7 સત્ર-2

પાઠ – ૧૨ **સરહદની સફરે** **25 marks**

**વિદ્યાર્થીનું નામ:-.................................................................................................**

**1. પ્રશ્નોના ઉત્તર લખો : 6 marks**

**(1) 'જ્યાં જ્યાં વસે એક ગુજરાતી ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત' –પંક્તિનો અર્થ જણાવો. 2 marks**

**(2) તમે ગુજરાત સિવાય કયાં કયાં રાજ્યનાં નૃત્ય વિશે - જાણો છો ? 2 marks**

**(3) કેટલીક યાત્રાઓ ખૂબ જાણીતી છે, તેનાં નામ આપો. 1 marks**

**(4) તમે ગુજરાતી ઉપરાંત બીજી કઈ કઈ ભાષાઓનાં નામ સાંભળ્યાં છે? 1 marks**

**(5) શહીદ કોને કહેવાય? 2 marks**

**2. નીચે આપેલાં વાક્યોનો ભાવ ધરાવતું વાક્ય વિકલ્પમાંથી શોધીને લખો : 5 marks**

**(1) સરવણજીની કોઠાસૂઝ જેવી તેવી નથી.**

**(અ) સરવણજીની બુદ્ધિ સાધારણ છે. (બ) સરવણજીની હૈયાઉકલત ઘણી જ સારી છે.**

**(ક) સરવણજીની રહેણીકરણી જોરદાર છે.**

**(2) સરવણજી જરા મોડા પડયા છે.**

**(અ) સરવણજી થોડાક વહેલા પહોંચ્યા છે. (બ) સરવણજીને પહોંચવામાં ઘણું જ મોડુ થયું છે.**

**(ક) સરવણજી સમય પછી તરત પહોંચ્યા છે.**

**(3) એ સરવણજીની વહારે આવ્યાં.**

**(અ) એ સરવણજીની સાથે સાથે આવ્યાં. (બ) એ સરવણજીની પાછળ પાછળ આવ્યાં.**

(ક) એ સરવણજીની મદદે આવ્યાં.

(4) ગુજરાતના પચીસેક જણ એકઠા થઈ ગયા.

(અ) ગુજરાતના પૂરેપૂરા પચીસ જણ ભેગા થઈ ગયા. (બ) ગુજરાતના અંદાજે પચીસ જણ ભેગા થઈ ગયા.

(ક) ગુજરાતના પચીસથી ઓછા લોકો એકઠા થઈ ગયા.

(5) પણ જમવામાં કંઈ ઠા પડયો નથી.

(અ) પણ જમવામાં કંઈ તકલીફ પડી નથી. (બ) જમવામાં કંઈ મજા આવી નથી.

(ક) જમવામાં કચરા જેવું કાંઈ પડયું નથી.

3. નીચે આપેલા બોલીના શબ્દોનો માન્ય ભાષામાં અર્થ મેળવીને લખો : 4 marks

(1) (કચ્છી બોલી) બો–............ (2) (સુરતી) ટમે – ............

(3) (પટ્ટણી) દન -............... (4) (સોરઠી) ઘામ - ..............................

4. આપેલા ઉદાહરણ જેવા બીજા શબ્દો લખો અને વાક્યપ્રયોગ કરો : 4 marks

ઉદાહરણ:- (1) યાત્રા - યાત્રાળુ

➢ ઘણા યાત્રાળુઓ દર પૂનમે પગપાળા ઢીમા જાય છે.

(1) શ્રદ્ધા - ......................

➢

(2) માયા - ......................

➢

(3) કૃપા – ......................

➢

(4) દયા - ......................

➢

6. જુદી જુદી બોલીમાં વપરાતા તળપદા શબ્દોને શિષ્ટ ગુજરાતીમાં લખો: 4 marks

ઉદાહરણ: કાં-કેમ

(1) જગન - ....................... (2) પ્રથમી - .....................

(3) બઇડો – .................... (4) વરતવું-.....................

7. આ એકમમાં ગુજરાતની જુદી જુદી વાનગીનાં નામ આપ્યાં છે, કોઈ એક વાનગી વિશે ઓછામાં ઓછાં બે વાક્યો લખો: 2 marks

(1) થેપલાં-